# રિટર્ન ભરવાની ડેડલાઈન વીતી ગઈ છતાં હજુ તક, 31 ડિસેમ્બર સુધી ભરી શકાશે

**કુલ** આવક 5 લાખ રૂપિયા સુધી હોય તો 1,000 રૂપિયા અને કુલ આવક 5 લાખથી વધુ હોય તો 5,000 રૂપિયા લેટ ફી ચૂકવવી પડશે

**ITR-3** અને 4 માટે થોડા દિવસ બાકી

સુરતઃ નાણાકીય વર્ષ 2025-26 (AY 2026-27) માટે ITR-1 અને ITR-2 ભરવાની સામાન્ય છેલ્લી તારીખ 31 જુલાઈ 2026 હતી. જ્યારે નોન-ઓડિટ કેસમાં ITR-3 અને ITR-4ની છેલ્લી તારીખ 31 ઓગસ્ટ 2026 છે. જો કોઈ કરદાતા નિયત તારીખ સુધીમાં રિટર્ન દાખલ કરી શક્યો ન હોય તો બિલેટેડ રિટર્ન 31 ડિસેમ્બર 2026 સુધી દાખલ કરી શકાય છે.

નિયત તારીખ બાદ રિટર્ન ભરવા પર લેટ ફી ભરવી પડશે. કુલ આવક 5 લાખ રૂપિયા સુધી હોય તો 1,000 રૂપિયા અને કુલ આવક 5 લાખથી વધુ હોય તો 5,000 રૂપિયા લેટ ફી ચૂકવવી પડશે. આ લેટ ફી ITR-1 થી ITR-4 સુધી લાગુ પડે છે. જો ટેક્સ બાકી હશે તો તેના પર લાગુ વ્યાજ પણ ચૂકવવું પડી શકે છે. જો અગાઉ દાખલ કરાયેલા રિટર્નમાં કોઈ ભૂલ રહી ગઈ હોય અથવા માહિતી છૂટી ગઈ હોય તો રિવાઈઝ્ડ રિટર્ન 31 માર્ચ 2027 સુધી દાખલ કરી શકાય છે. 31 ડિસેમ્બર 2026 બાદ રિવાઈઝ્ડ રિટર્ન દાખલ કરવા પર પણ 5 લાખ સુધીની આવક પર 1,000 રૂપિયા અને 5 લાખથી વધુ આવક પર 5,000 રૂપિયા વધારાની ફીની જોગવાઈ છે. તેથી કરદાતાઓએ સમયસર પોતાનું રિટર્ન દાખલ કરી દેવું જોઈએ અને દાખલ કરાયેલા રિટર્નની માહિતી પણ બરાબર ચકાસી લેવી જોઈએ.

**સુરતમાં ખાણ અને ક્વોરી ઉદ્યોગના 200થી વધુ વેપારીઓ SGSTના રડારમાં**

# ક્વોરીવાળાઓ પાસે GST નંબર જ નથી!

**ખાણખનિજ** વિભાગના ડેટા શેરિંગમાં ચોંકાવનારી વિગતો બહાર આવી

**SGST** વિભાગે નોટિસ આપી ખુલાસો પૂછવાનું શરૂ કર્યું

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં ખાણ-ખનિજ તેમજ ક્વોરીના વ્યવસાય સાથે સંકળાયેલા 200થી વધુ વેપારીઓ સામે સ્ટેટ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (SGST) વિભાગે લાલ આંખ કરી છે. વિભાગને ડેટા સ્ક્રુટિની અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ડેટા સેટિંગ દરમિયાન જાણવા મળ્યું છે કે આ મોટાભાગના માઈન્સ અને ક્વોરીના વેપારીઓ GST રજિસ્ટ્રેશન નંબર વગર જ ગેરકાયદેસર રીતે મોટો કારોબાર ચલાવી રહ્યા છે.

SGST વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ, ખાણ-ખનિજ વિભાગના ડેટા અને GST પોર્ટલના ડેટાનું ક્રોસ-વેરિફિકેશન કરવામાં આવ્યું હતું. આ ડેટા શેરિંગમાં સામે આવ્યું કે 200થી વધુ વેપારીઓ મોટા પાયે પથ્થર, રેતી, કપચી અને અન્ય ખનિજોનું વહન અને વેચાણ કરી રહ્યા છે, પરંતુ સરકારી ચોપડે ટેક્સ ભરતા નથી. નિયમ મુજબ નિયત ટર્નઓવરથી વધુ વેપાર કરતા તમામ એકમો માટે GST નંબર લેવો ફરજિયાત છે. આ આંકડો સામે આવતા જ સમગ્ર સુરત જિલ્લાના ક્વોરી ઉદ્યોગમાં ફફડાટ વ્યાપી ગયો છે.

SGST વિભાગ હવે આ વેપારીઓને કાયદેસરની નોટિસ મોકલવાની પ્રક્રિયા શરૂ કરી રહ્યું છે. વિભાગના અધિકારીઓના મતે, આ ઓપરેશનથી કરોડો રૂપિયાની કરચોરી બહાર આવે તેવી શક્યતા છે. જે વેપારીઓ સંતોષકારક જવાબ નહીં આપે અથવા GST રજિસ્ટ્રેશન કરાવીને બાકી ટેક્સ અને પેનલ્ટી નહીં ભરે, તેમના એકમો સીલ કરવા સુધીના કડક પગલાં પણ લેવાઈ શકે છે.



**ક્વોરી ઉદ્યોગમાં લાગતો GST**

| | |
|---|---|
| બ્લેક ટ્રેપ/બેસાલ્ટ પથ્થર | HSN અને પ્રોસેસિંગ મુજબ GST |
| બિલ્ડિંગ સ્ટોન | વર્ગીકરણ મુજબ GST |
| ક્રશ્ડ સ્ટોન/સ્ટોન ચિપ્સ | સંબંધિત HSN મુજબ GST |
| મેટલ, કપચી, એગ્રીગેટ | HSN મુજબ GST |
| પ્રોસેસ કરેલો પથ્થર | પ્રોડક્ટના વર્ગીકરણ મુજબ અલગ દર હોઈ શકે |

# સુરતમાં પણ રેશન દુકાનદારો અસહકાર આંદોલનમાં જોડાશે

**રેશન** દુકાનદારો ચલણ નહીં ભરે, સપ્ટેમ્બરનું અનાજ પણ નહીં મંગાવે

સુરત : ગુજરાતભરના રેશન દુકાનદારોની લાંબા સમયથી પડતર માંગણીઓ, અનિયમિત કમિશન, વારંવાર સર્વર ડાઉન થવાની સમસ્યા અને સીબીડીસી સિસ્ટમના વિરોધમાં શરૂ થયેલા રાજ્યવ્યાપી અસહકાર આંદોલનમાં હવે સુરતના રેશન દુકાનદારો પણ જોડાયા છે. એસોસિએશનના આહ્વાનને પગલે સુરતના દુકાનદારોએ પણ ચલણ ન ભરવા અને સપ્ટેમ્બર મહિનાનો અનાજનો જથ્થો ન મંગાવવાનો નિર્ણય લેતાં આગામી દિવસોમાં જાહેર વિતરણ વ્યવસ્થા પર અસર પડવાની શક્યતા ઊભી થઈ છે.

'ગુજરાત રાજ્ય ફેર પ્રાઈસ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસિએશન' દ્વારા રાજ્યવ્યાપી અસહકાર આંદોલનની જાહેરાત કરવામાં આવી છે. એસો.ના પ્રમુખ પ્રહલાદભાઈ મોદીએ રાજ્યના ૧૭ હજારથી વધુ રેશન દુકાન સંચાલકોને આ લડતમાં જોડાવાનું આહ્વાન કર્યું છે. રેશન દુકાનદારોનો આક્ષેપ છે કે પુરવઠા વિભાગ દ્વારા અગાઉથી નાણાં ભરાવવામાં આવે છે, પરંતુ તેના અનુસંધાને સમયસર અનાજનો જથ્થો પહોંચાડવામાં આવતો નથી. બીજી તરફ સીબીડીસી સિસ્ટમને લઈને પણ દુકાનદારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં મામલતદાર અને શહેરોમાં ઝોનલ કક્ષાના અધિકારીઓ દ્વારા સિસ્ટમના અમલીકરણ માટે દબાણ કરવામાં આવતું હોવાનો દુકાનદારોનો આક્ષેપ છે. વારંવાર ટેક્નિકલ ખામી અને સર્વર ડાઉન રહેતાં કાર્ડધારકો અને દુકાનદારો વચ્ચે ઘર્ષણની સ્થિતિ સર્જાય છે. સુરતમાં પણ દુકાનદારો આંદોલનમાં જોડાતા સપ્ટેમ્બર મહિનાનું અનાજ વિતરણ ખોરવાવાની ભીતિ સેવાઈ રહી છે. ખાસ કરીને સાતમ-આઠમ સહિતના તહેવારો નજીક હોવાથી જો સમયસર ચલણ નહીં ભરાય અને અનાજનો જથ્થો મંગાવવામાં નહીં આવે તો મળવાપાત્ર અનાજમાં વિલંબ થઈ શકે છે.

# B.Com.માં આ વર્ષથી 50 અને 25 ગુણના નવા પેપરની પેટર્ન

**VNSGUમાં** B.Com.ની પરીક્ષા પદ્ધતિમાં મોટો ફેરફાર કરાયો

**કોલેજોને નવા પેટર્ન મુજબ તૈયારી કરાવવાની સૂચના**

VNSGUએ સંલગ્ન કોલેજો અને યુનિવર્સિટીના સંબંધિત વિભાગોને નવા પરીક્ષા પેટર્નની જાણ કરી છે. સાથે જ શૈક્ષણિક વર્ષ 2026-27થી વિદ્યાર્થીઓને નવા માળખા મુજબ અભ્યાસ અને પરીક્ષાની તૈયારી કરાવવા સૂચના આપવામાં આવી છે. નવા પેટર્નનો સારઃ 50 ગુણના પેપરમાં MCQ, લાંબા પ્રશ્નો અને શોર્ટનોટ્સનું સંતુલન રાખવામાં આવ્યું છે, જ્યારે 25 ગુણના પેપરમાં MCQ સાથે નિબંધ પ્રકારનો પ્રશ્ન અને શોર્ટનોટ્સનો સમાવેશ કરાયો છે.

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા નવી શિક્ષણ નીતિ (NEP-2020)ના અમલીકરણના ભાગરૂપે B.Com. અભ્યાસક્રમની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો છે. શૈક્ષણિક વર્ષ 2026-27થી વાણિજ્ય વિદ્યાશાખા હેઠળ ભાષાના વિષયો સિવાયના 50 અને 25 ગુણના પેપરમાં નવું પરીક્ષા માળખું લાગુ પડશે.

નવા પેટર્ન મુજબ 50 ગુણના પેપરમાં વિદ્યાર્થીઓની વિવિધ પ્રકારની તૈયારી ચકાસવામાં આવશે. તેમાં 10 ગુણના MCQ પ્રશ્નો, 14-14 ગુણના બે લાંબા પ્રશ્નો અને 12 ગુણની શોર્ટનોટ્સ સામેલ રહેશે.

શોર્ટનોટ્સમાં આપેલા 5 પ્રશ્નોમાંથી કોઈપણ 2ના જવાબ આપવાના રહેશે. 25 ગુણના પેપર માટે 5 ગુણના MCQ, 12 ગુણનો નિબંધ પ્રકારનો પ્રશ્ન અને 8 ગુણની શોર્ટનોટ્સ રાખવામાં આવી છે. શોર્ટનોટ્સ માટે 4માંથી કોઈપણ 2 પ્રશ્નના જવાબ આપવાના રહેશે. યુનિવર્સિટીના જણાવ્યા મુજબ વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષ દ્વારા કરવામાં આવેલી ભલામણને એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી.

ત્યારબાદ કુલપતિએ તેને અંતિમ મંજૂરી આપતાં નવા પરીક્ષા માળખાને અમલમાં મૂકવાનો માર્ગ મોકળો થયો છે.

# મોટી નારોલી-હથોડા મુખ્ય માર્ગ પર કચરાના ઢગલા, આરોગ્યને જોખમ

**માર્ગની** બંને બાજુ પ્લાસ્ટિક, કાગળ અને અન્ય કચરાનો અસહ્ય જમાવડો હોવાનો કોંગ્રેસનો આક્ષેપ, જાહેર આરોગ્યના જોખમ વચ્ચે તાત્કાલિક સફાઈની માંગ

**સ્વચ્છ ભારત અભિયાનના અમલ સામે સવાલો**

કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે એક તરફ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સ્વચ્છ ભારત અભિયાન તથા ગ્રામ્ય સ્વચ્છતા માટે વિવિધ યોજનાઓ ચલાવવામાં આવે છે અને મોટા પ્રમાણમાં ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, જ્યારે બીજી તરફ મુખ્ય માર્ગો પર કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. ડી.ડી.ઓ., ટી.ડી.ઓ., જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, તલાટી સહિતના સંબંધિત અધિકારીઓ દ્વારા કચરા વ્યવસ્થાપન અને જાહેર સ્વચ્છતા માટે પૂરતી અને અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે કે નહીં તેની તપાસ કરી જવાબદારો સામે પગલાં ભરવા માંગ કરવામાં આવી છે.

સુરતઃ સુરત જિલ્લાના મોટી નારોલી-હથોડા મુખ્ય માર્ગ પર મોટા પ્રમાણમાં કચરો ફેંકવામાં આવતા માર્ગની સ્વચ્છતા વ્યવસ્થા સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. વાહનમાંથી લેવામાં આવેલા વિડીયોમાં માર્ગની બંને બાજુ અને આસપાસના વિસ્તારમાં પ્લાસ્ટિક, કાગળ, કપડાં સહિતના વિવિધ પ્રકારના કચરાના મોટા ઢગલા જોવા મળ્યા હોવાનો આક્ષેપ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયકે કર્યો છે.

વિડીયોમાં કચરો એટલા મોટા પ્રમાણમાં ફેલાયેલો હોવાનું જણાવાયું છે કે અનેક સ્થળોએ માર્ગનો વિસ્તાર કચરાથી ઢંકાઈ ગયો હોય તેવું દૃશ્ય જોવા મળે છે. આ ગંદકીના કારણે વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાતી હોવાનું અને સ્થાનિક લોકો તેમજ માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકોને મુશ્કેલી પડી રહી હોવાનું પણ જણાવાયું છે. દર્શન નાયકે જણાવ્યું હતું કે આ મુદ્દે જાગૃત નાગરિકો દ્વારા અગાઉ પણ સંબંધિત વિભાગો સમક્ષ વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી. તેમ છતાં હજુ સુધી કચરાના પ્રશ્નનો કાયમી અને અસરકારક ઉકેલ લાવવામાં આવ્યો નથી. તેમણે જણાવ્યું કે મુખ્ય માર્ગ પર આટલા મોટા પ્રમાણમાં કચરો એકત્રિત થવો એ માત્ર સ્વચ્છતાની સમસ્યા નથી, પરંતુ પર્યાવરણ અને જનસ્વાસ્થ્ય માટે પણ ચિંતાજનક બાબત છે.

# હોટ ફિક્સના કચરાથી કરંજ-મગોબમાં સ્થાનિકો ત્રાહિમામ

**જાહેર** રસ્તા-શેરીમાં પ્લાસ્ટિક, સિલિકોન અને શીટ્સના ઢગલા, કોર્પોરેટરને પત્ર લખી નીતિ બનાવવા માંગ

સુરતઃ કરંજ-મગોબ વિસ્તારમાં ઘર-ઘર અને ગલીઓમાં ચાલતા હોટ ફિક્સના કામકાજમાંથી નીકળતા પ્લાસ્ટિક, સિલિકોન અને શીટ્સના કચરાનો બેફામ નિકાલ સ્થાનિકો માટે ગંભીર ન્યુસન્સ બની ગયો છે. હોટ ફિક્સના કામ બાદ નીકળતો કચરો જાહેર રસ્તા, શેરી અને ખૂણાઓમાં ખુલ્લેઆમ ફેંકાતા ઠેર-ઠેર કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. વર્ષોથી ચાલતી આ સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવતાં હવે વોર્ડ નં. 15ના સ્થાનિક મતદારોએ કોર્પોરેટરોને પત્ર લખી પાલિકા સ્તરે ચોક્કસ નીતિ બનાવવાની માંગ કરી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ વરાછા ઝોનનો કરંજ-મગોબ વિસ્તાર હોટ ફિક્સના કચરા માટે કુખ્યાત બની ગયો છે. કચરાના ઢગલાના કારણે સાંકડી શેરીઓ અને આંતરિક રસ્તાઓ પર વાહનચાલકોને મુશ્કેલી પડે છે તેમજ અકસ્માતનો ભય રહે છે.

પ્લાસ્ટિક અને અન્ય કચરો ગટરમાં જતાં ડ્રેનેજ લાઈન બ્લોક થવાની સમસ્યા પણ સર્જાય છે. બીજી તરફ ખુલ્લામાં પડેલા કચરામાં આગ લાગવાના બનાવો પણ શરૂ થતાં લોકોમાં ચિંતા વધી છે. અગાઉ અનેક રજૂઆતો છતાં કચરો કોણ ફેંકે છે અને તેના નિકાલની જવાબદારી કોની તે અંગે અસરકારક વ્યવસ્થા ઉભી થઈ નથી. સ્થાનિકોએ હોટ ફિક્સના કચરાનું નિયમન, એકત્રીકરણ અને યોગ્ય નિકાલ માટે નીતિ બનાવી જાહેરમાં કચરો ફેંકનાર સામે દંડનીય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# નવી સિવિલના બાળરોગ OPDમાં ટોકન સિસ્ટમ શરૂ

**કલર** કોડેડ ટોકન સિસ્ટમ અમલમાં, દર્દીઓની ભીડ નિયંત્રિત થશે

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલમાં સ્ટેમ સેલ બિલ્ડિંગના બાળરોગ વિભાગમાં સારવાર માટે આવતા દર્દીઓ અને તેમના વાલીઓને વધુ સુવિધા મળી રહે તેમજ OPDમાં થતી ભીડ અને અવ્યવસ્થા દૂર થાય તે માટે નવી વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે. બાળરોગ OPDમાં કલર કોડેડ ટોકન સિસ્ટમ શરૂ કરવામાં આવી છે, જેના કારણે દર્દીઓને તેમની પ્રક્રિયા મુજબ સરળતાથી માર્ગદર્શન મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

નવી સિવિલ હોસ્પિટલના ઈન્ચાર્જ સુપરિન્ટેન્ડેન્ટ ડો. પારુલ વડગામાએ જણાવ્યું હતું કે, આ નવી ટોકન વ્યવસ્થાને સુચારુ રીતે ચલાવવા માટે નર્સિંગ વિદ્યાર્થીઓની પણ નિમણૂક કરવામાં આવી છે. આ વિદ્યાર્થીઓ દર્દીઓ અને તેમના વાલીઓને ટોકન સિસ્ટમ અંગે જરૂરી માર્ગદર્શન આપશે.

આ ઉપરાંત OPDમાં ફરજ બજાવતા સિક્યુરિટી ગાર્ડ દ્વારા પણ દર્દીઓને યોગ્ય સ્થળે પહોંચવા અને રજિસ્ટ્રેશન પ્રક્રિયા સમજાવવા માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. દર્દીઓની અવરજવર સરળ બને તે માટે PRE અને POST રજિસ્ટ્રેશન વિસ્તારની બેઠક વ્યવસ્થામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. બાળરોગ OPDના નર્સિંગ ડેસ્કની વ્યવસ્થા પણ પુનઃગોઠવવામાં આવી છે, જેથી સ્ટાફને કામગીરીમાં સરળતા રહે અને દર્દીઓને ઝડપી સેવા મળી શકે. નવી વ્યવસ્થાથી બાળરોગ OPDમાં ભીડનું યોગ્ય સંચાલન થવાની સાથે દર્દીઓ અને વાલીઓને રાહ જોવાના સમય દરમિયાન વધુ સુવિધા મળવાની આશા છે.

# શેરબજારમાં ઊંચા વળતરની લાલચે રૂ.9.58 લાખની ઠગાઈમાં બે ઝડપાયા

**2%** કમિશનની લાલચે કરન્ટ એકાઉન્ટ ભાડે આપ્યું હતુ

**દેશભરમાં** રૂપિયા 40.48 કરોડના ફ્રોડની 13 ફરિયાદનો ખુલાસો

સુરત : શેરબજારમાં રોકાણ કરાવી ઊંચા વળતરની લાલચ આપી સુરતના નાગરિક પાસેથી રૂપિયા 9,58,998.98ની ઓનલાઈન છેતરપિંડી કરનાર આંતરરાજ્ય ગેંગના બે સાગરીતને સુરત શહેર સાયબર ક્રાઈમ બ્રાન્ચે મહારાષ્ટ્રના પરભણીથી ઝડપી પાડ્યા છે. ફ્રોડ થયેલા બેંક ખાતા સામે દેશભરમાં રૂપિયા 40.48 કરોડથી વધુના ફ્રોડની 13 ફરિયાદો નોંધાયેલી હોવાનું પણ સામે આવ્યું છે.

પોલીસ તપાસ મુજબ, ઠગ ટોળકીએ ઈન્સ્ટાગ્રામ પર શેરબજારમાં રોકાણથી ઊંચું વળતર મળવાની લાલચ આપતી જાહેરાતો મૂકી હતી. ફરિયાદીને ટેલિગ્રામ ગ્રુપમાં જોડ્યા બાદ બોગસ વેબલિંક મોકલી ડીમેટ એકાઉન્ટ ખોલાવવામાં આવ્યું હતું. ત્યારબાદ અલગ-અલગ બેંક ખાતામાં રૂપિયા 9.58 લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા. ડીમેટ ખાતામાં નકલી નફો દર્શાવી ફરિયાદીનો વિશ્વાસ કેળવવામાં આવ્યો હતો. જોકે, ફરિયાદીએ નફાની રકમ ઉપાડવા માટે વિનંતી કરતાં ઠગોએ રકમ ઉપાડવા દીધી નહોતી અને સંપર્ક કાપી નાખ્યો હતો.

સાયબર ક્રાઈમ સેલ ટીમ તપાસ દરમિયાન પરભણી સુધી પહોંચી હતી. ત્યાંથી ઉદ્ધવ ઉર્ફે રવી રામચંદ્ર ગોંધલી (ઉં.વ. 27) અને ગોપેન્દ્ર ઉર્ફે ગોપુ દશરથરાવ શિંદે (ઉં.વ. 23)ને ઝડપી લેવામાં આવ્યા હતા. તપાસમાં સામે આવ્યું કે ઉદ્ધવે પોતાના નામે ફર્મ બનાવી ઉદ્યમ સર્ટિફિકેટ મેળવ્યું હતું અને બેંક ઓફ ઈન્ડિયામાં કરન્ટ એકાઉન્ટ ખોલાવ્યું હતું. આ એકાઉન્ટ રૂપિયા 5 હજારના કમિશનથી ગોપેન્દ્રને આપ્યું હતું. ગોપેન્દ્ર પોતાનું 2 ટકા કમિશન રાખી આ એકાઉન્ટ નાસતા ફરતા મુખ્ય આરોપીઓને પૂરું પાડતો હતો. આ ખાતામાં માત્ર ચાર મહિનાના સમયગાળા દરમિયાન, 1 સપ્ટેમ્બર 2025થી 21 જાન્યુઆરી 2026 સુધીમાં રૂપિયા 1.47 કરોડના શંકાસ્પદ વ્યવહારો થયાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે NCCRP પોર્ટલ પર તપાસ કરતાં આ એકાઉન્ટ સામે દેશના વિવિધ રાજ્યોમાં કુલ 13 ફરિયાદો નોંધાયેલી હોવાનું જાણવા મળ્યું હતું. આ ફરિયાદોમાં રૂ. 40.48 કરોડથી વધુની છેતરપિંડી આચરવામાં આવી હતી.

# વંદે ભારત પહેલાં AC ડબલડેકર પર પણ થયો હતો પથ્થરમારો

**40** મિનિટમાં બે ટ્રેનને નિશાન બનાવી હતી

**નશામાં** કૂતરાં પર પથ્થર ફેંક્યા બાદ ટ્રેન પર ફેંક્યા

**આરોપી લુમ્સના કારખાનામાં કામ કરે છે**

અંકલેશ્વર RPFની ટીમે તાત્કાલિક કોમ્બિંગ શરૂ કરી અને લગભગ 30 વર્ષીય એક યુવકને પકડી પાડ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં તે નશાનો બંધાણી હોવાની માહિતી સામે આવી છે. તે લૂમ્સ કારખાનામાં કામ કરે છે અને કામ પૂરું કર્યા બાદ દારૂના નશામાં રેલવે ટ્રેક પાસે પહોંચ્યો હતો. પહેલા તે આસપાસ હાજર કૂતરાઓ પર પથ્થર ફેંકી રહ્યો હતો અને બાદમાં પસાર થતી ટ્રેનો પર પણ પથ્થર ફેંકવા લાગ્યો હતો.

**રાજ્યપાલ આનંદીબેન સાથે દીવ-દમણના પ્રશાસક પ્રફુલ્લ પટેલ પણ ટ્રેનમાં હતા**

સૌથી મહત્ત્વની વાત એ છે કે વંદે ભારત ટ્રેનમાં ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ E-1 એક્ઝિક્યુટિવ કોચમાં સવાર હતા. તેમની સાથે અભિનેતા અનંગ દેસાઈ, દીવ-દમણના પ્રશાસક પ્રફુલ પટેલ અને રાજ્યપાલની પુત્રી પણ હાજર હતા. ટ્રેનની રચના મુજબ C કોચ બાદ D અને ત્યારબાદ E-1 કોચ આવે છે. એટલે કે પથ્થરમારો રાજ્યપાલના કોચથી માત્ર એક કોચ પહેલા થયો હતો.

સુરતઃ સુરતના ઉત્રાણ પાસે વંદે ભારત એક્સપ્રેસ પર થયેલા પથ્થરમારાની ઘટનામાં ચોંકાવનારો ખુલાસો થયો છે. તપાસમાં સામે આવ્યું છે કે વંદે ભારત પહેલા મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ ડબલડેકર AC એક્સપ્રેસ (12931) પણ પથ્થરમારો થયો હતો. એટલે કે એક જ વિસ્તારમાં થોડા સમયના અંતરે સતત બે ટ્રેનો પર પથ્થર ફેંકવામાં આવ્યા હતા. પહેલા ડબલડેકર અને પછી વંદે ભારતને નિશાન બનાવતા રેલવે સુરક્ષા વ્યવસ્થા પર સવાલ ઉભા થયા છે. પથ્થરમારામાં ટ્રેનના C-1 કોચની સીટ નંબર 7 પાસેની બારીનો કાચ તૂટી ગયો હતો. સદનસીબે કોઈ મુસાફરને ઈજા થઈ હોવાની માહિતી નથી. ટ્રેનની આગળની મુસાફરી પર પણ કોઈ અસર પડી નહોતી. તેના લગભગ 40 મિનિટ બાદ સાંજે 7 વાગ્યે મુંબઈથી અમદાવાદ જઈ રહેલી વંદે ભારત એક્સપ્રેસ (22961) ને પણ તે જ વિસ્તારમાં નિશાન બનાવવામાં આવી હતી.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

### સુરતથી કાનપુર...

સામાન આગમાં બળીને ખાખ થઈ ગયો હતો.

મળતી માહિતી મુજબ, સુરતથી કાનપુર જતી લક્ઝરી બસ મોડી રાત્રે ધાર જિલ્લાના સરદારપુર વિસ્તારમાંથી પસાર થઈ રહી હતી. દરમિયાન બસમાંથી અચાનક ધુમાડો નીકળવા લાગ્યો હતો. પરિસ્થિતિની ગંભીરતા સમજી ડ્રાઈવરે બસને રસ્તાની બાજુમાં ઊભી કરી હતી. જોકે, ત્યારબાદ ડ્રાઈવર બસમાંથી ઉતરીને ઘટનાસ્થળેથી ચાલ્યો ગયો હોવાનો મુસાફરો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. બસ ઊભી રહેતાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને ગણતરીની મિનિટોમાં બસ આગના ગોળામાં ફેરવાઈ ગઈ હતી. આગ સાથે બસની અંદર ધુમાડો ભરાઈ જતાં મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. ચીસાચીસ વચ્ચે આગળ બેઠેલા મુસાફરો મુખ્ય દરવાજેથી બારીઓ તોડી બહાર નીકળવામાં સફળ રહ્યા હતા. જ્યારે પાછળ બેઠેલા મુસાફરો માટે બહાર નીકળવાનો રસ્તો મુશ્કેલ બનતાં તેમણે બારીઓના કાચ તોડીને બહાર છલાંગ લગાવી હતી.આ દરમિયાન જીવ બચાવવા મુસાફરોની દોડધામથી ઘટનાસ્થળે ભયાનક દૃશ્ય સર્જાયું હતું. બસમાં આગ લાગ્યાની જાણ થતાં જ સરદારપુર પોલીસ તથા ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર બ્રિગેડે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં બસ સંપૂર્ણપણે બળીને ખોખામાં ફેરવાઈ ગઈ હતી.

ઘટનાને પગલે સુરક્ષાના ભાગરૂપે પોલીસે માર્ગની એક તરફનો વાહનવ્યવહાર અટકાવી ટ્રાફિકને વૈકલ્પિક માર્ગે ડાયવર્ટ કર્યો હતો. બાદમાં પ્રશાસન દ્વારા બસમાં ફસાયેલા મુસાફરોને ઈન્દોર તરફ જતી અન્ય બસોમાં બેસાડીને તેમના ગંતવ્ય તરફ રવાના કરવામાં આવ્યા હતા. મધરાતે ચાલતી બસમાં આગ લાગ્યા બાદ મુસાફરોને જીવ બચાવવા માટે બારીઓ તોડીને કૂદવાની ફરજ પડી હોવા છતાં તમામ મુસાફરોનો આબાદ બચાવ થતાં મોટી જાનહાનિ ટળી હતી. જોકે, દાહોદ નજીક બસના રિપેરિંગ બાદ થોડા જ સમયમાં આગ લાગવાની ઘટનાએ બસની ટેક્નિકલ જાળવણી અને મુસાફરોની સુરક્ષા વ્યવસ્થા અંગે અનેક પ્રશ્નો ઊભા કર્યા છે.

**દાહોદ પાસે ચાર કલાક બસનું રિપેરિંગ થયું હતું**

મુસાફરોના જણાવ્યા અનુસાર, બસને ગુજરાતના દાહોદ નજીક એક હોટલ ખાતે આશરે ચાર કલાક રોકવામાં આવી હતી. આ દરમિયાન બસમાં ટેક્નિકલ રિપેરિંગનું કામ કરવામાં આવ્યું હતું. રિપેરિંગ બાદ બસ ફરી કાનપુર તરફ રવાના થઈ હતી અને થોડા અંતરે જ તેમાં આગ લાગી હતી. પ્રાથમિક તબક્કે પોલીસ દ્વારા શોર્ટ સર્કિટ અથવા અન્ય ટેક્નિકલ ખામીને આગનું સંભવિત કારણ માનવામાં આવી રહ્યું છે. જોકે, આગનું ચોક્કસ કારણ તપાસ પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થશે.

**મુસાફરોનો રોકડ, દાગીના અને કપડાં સહિતનો સામાન બળ્યો**

આગ એટલી ઝડપથી પ્રસરી હતી કે મુસાફરોને પોતાનો સામાન બહાર કાઢવાનો સમય પણ મળ્યો નહોતો. કપડાં, રોકડ રકમ, દાગીના અને અન્ય કિંમતી સામાન સહિતની વસ્તુઓ બસની સાથે જ બળીને ખાખ થઈ ગઈ હતી. કેટલાક મુસાફરોને સામાન્ય ઈજાઓ થતાં સારવાર આપવામાં આવી હતી.

### ત્રણ-ત્રણ...

એલ.સી.બી. ટીમે બાતમીના આધારે સરથાણા સેલીબ્રેશન કંપાઉન્ડ, શિક્ષાપત્રી એવન્યુ સામે, રોયલ પાર્કની બાજુમાં આવેલા પતરાના શેડમાં 'શ્રી મહાકાલ કેટરર્સ | સ્વીટ' નામના સ્થળે દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યાંથી આરોપી ભાવેશભાઈ છગનભાઈ વઘાસીયા (ઉં.વ.૩૯, રહે., શામળા રો-હાઉસ, લસકાણા, મૂળ રહે., દાત્રાણા, તા.મેંદરડા, જિ.જૂનાગઢ) નકલી દૂધનો માવો અને મીઠાઈ બનાવી સુરતની વિવિધ દુકાનોમાં સપ્લાય કરતો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે સુરત મહાનગરપાલિકાના ફૂડ સેફ્ટી ઓફિસરને સાથે રાખી સંયુક્ત કાર્યવાહી કરીને કુલ ૭૨૩ કિલોગ્રામ અખાદ્ય જથ્થો, જેની કિંમત રૂ.૧,૪૨,૫૦૦ થાય છે, તે કબજે કર્યો છે. આ મામલે સરથાણા પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સામગ્રીમાં માનવ સ્વાસ્થ્યને ગંભીર નુકસાન પહોંચાડે તેવા કોઈ ઝેરી કે હાનિકારક તત્ત્વો છે કે નહીં તેની તપાસ કરવામાં આવી રહી છે.

**દરોડામાં લીલી બરફી, પિંક બરફી અને મોતીચૂરના લાડુ સહિતની મતા જપ્ત**

લૂઝ માવોઃ ૧૧૯ કિ.ગ્રા. (રૂ. ૨૧,૪૨૦)
SHREE GWAAL SWEETS લખેલા માવાના પેકેટઃ ૬૦ કિ.ગ્રા. (રૂ.૧૦,૮૦૦/)
સફેદ માવો (પ્લાસ્ટિકની થેલીમાં): ૯૪ કિ.ગ્રા. (રૂ.૨૦,૬૮૦)
GIR MADHAV SWEET MAVA પેકેટઃ ૧૭૦ કિ.ગ્રા. (રૂ.૪૦,૮૦૦)
લીલી બરફીઃ ૬૦ કિ.ગ્રા. (રૂ.૧૩,૨૦૦)
મોતીચૂરના લાડુઃ ૧૬૦ કિ.ગ્રા. (રૂ.૨૨,૪૦૦)
પિંક બરફીઃ ૬૦ કિ.ગ્રા. (રૂ.૧૩,૨૦૦)

**180 કિલોના ભાવે રંગ ભેળવેલો ડુપ્લિકેટ માવો લાવતો**

મૂળ જૂનાગઢના મેંદરડા તાલુકાના દાત્રાણા ગામના વતની અને હાલ લસકાણાના શામળા રો-હાઉસમાં રહેતા 39 વર્ષીય ભાવેશ વઘાસિયા દ્વારા 'શ્રી મહાકાલ કેટરર્સ એન્ડ સ્વીટ' ના નામે વેપાર કરે છે. તે અમદાવાદ, તલાલા અને મહુવાથી 180 કિલોના ભાવે રંગ ભેળવેલો ડુપ્લિકેટ માવો લાવતો હતો. જે માવામાંથી મીઠાઈ બનાવવામાં આવતી હોવાનું સામે આવ્યું હતું. ત્રણ વર્ષથી નકલી માવામાંથી મીઠાઈ બનાવી વેચાણ કરવાનું કામ કરે છે.

### કોટ સફિલની...

માટે પબ્લિક હેલ્થ લેબોરેટરી ખાતે મોકલી આપવામાં આવ્યા છે, જેનો રિપોર્ટ આવ્યા બાદ નિયમાનુસાર આગળની કાર્યવાહી હાથ ધરાશે. આ ઉપરાંત, મનપાની ટીમે સ્થળ પરથી રૂ.77,640 ની કિંમતનો 419.78 કિ.ગ્રા. અખાદ્ય જથ્થો નાશ કર્યો છે તથા રૂ. 40,800ની કિંમતનો 170 કિ.ગ્રા. શંકાસ્પદ જથ્થો સીઝ કર્યો છે.

### 400 પ્રોસેસિંગ...

5થી 15 ટકા સુધી વજનનો વધારો થાય છે. પરિણામે મિલ સંચાલકોને વજન અને ગુણવત્તા બંને રીતે આર્થિક નુકસાન સહન કરવું પડે છે. બીજી તરફ કલર અને કેમિકલના ભાવ વધતાં પ્રોસેસિંગ ખર્ચનો બોજ વધુ ગંભીર બન્યો છે. આ ઉપરાંત સ્થાનિક સ્તરે પડતી મુશ્કેલીઓ અંગે પણ ચર્ચા કરી રાજ્ય તથા કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરવાની તૈયારી છે. બેઠકમાં મિલ સંચાલકો સાથે વિસ્તૃત ચર્ચા બાદ અંતિમ નિર્ણય લેવાશે.

### પ્રતિ મીટર...

દિવાળીની સીઝન પહેલાં જ વધારાનો અમલ થવાની શક્યતા છે. જીતેન્દ્ર વખારિયાના જણાવ્યા મુજબ સામાન્ય રીતે દિવાળી પહેલાં વેપાર-ઉદ્યોગમાં તેજી અને ખુશાલીનું વાતાવરણ જોવા મળે છે, પરંતુ હાલમાં વધતા ઉત્પાદન ખર્ચ અને અનિશ્ચિતતાને કારણે ઉદ્યોગકારોમાં ચિંતા છે. કાપડ ઉદ્યોગની દિવાળી ન બગડે અને મિલો સર્વાઈવ થઈ શકે તે માટે જોબચાર્જ અંગે યોગ્ય નિર્ણય જરૂરી બન્યો છે.

# સુરત-ઉધના સ્ટેશન કેન્ટીન સ્ટાફે યુનિફોર્મ પહેરવો ફરજિયાત બનશે

**10** સપ્ટેમ્બરથી રેડ એન્ડ બ્લેક નવા યુનિફોર્મમાં વેન્ડર દેખાશે, નિયમ તોડનાર લાઇસન્સધારક સામે થશે કાર્યવાહી

**લાલ ટી-શર્ટ, કાળી પેન્ટ અને એપ્રનમાં દેખાશે વેન્ડર**

નવા ડ્રેસ કોડમાં લાલ રંગની પોલો ટી-શર્ટ રાખવામાં આવી છે, જેમાં કાળો કોલર અને કાળા બટન હશે. તેની સાથે કાળી ફુલ પેન્ટ, કાળો હાફ એપ્રન અને કાળા જૂતા કે સેન્ડલ પહેરવા પડશે. ટી-શર્ટની બાંય અને ચેસ્ટ પોકેટ પર પણ કાળી બોર્ડર હશે. આનાથી અલગ-અલગ સ્ટોલ પર કામ કરતા કર્મચારીઓની ઓળખ એકસમાન અને વ્યવસ્થિત દેખાશે.

સુરતઃ સુરત અને ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોને ટૂંક સમયમાં કેન્ટીન અને ખાણીપીણીના સ્ટોલનો સ્ટાફ નવા અને એકસમાન પ્રોફેશનલ લુકમાં જોવા મળશે. પશ્ચિમ રેલવેએ મુંબઈ સેન્ટ્રલના તમામ લાઈસન્સ પ્રાપ્ત કેટરિંગ સ્ટોલ અને યુનિટમાં કામ કરતાં કર્મચારીઓ માટે નિર્ધારિત યુનિફોર્મ લાગુ કરવાનો નિર્ણય લીધો છે. યુનિફોર્મ સાથે ફરજ દરમિયાન ડિસ્પોઝેબલ હેન્ડ ગ્લવ્સ અને હેરનેટ પહેરવું પણ ફરજિયાત કરાયું છે. સ્ટાફનો ડ્રેસ સાફ, પ્રેસ કરેલો અને વ્યવસ્થિત હોવો જોઈએ. સાથે જ ખાણીપીણીની સ્વચ્છતાને લઈને પણ નિયમો કડક કરવામાં આવ્યા છે.

રેલવે દ્વારા જાહેર કરાયેલા નિર્દેશો મુજબ 10 સપ્ટેમ્બર 2026થી નવો યુનિફોર્મ પહેરવો ફરજિયાત રહેશે. તેનું પાલન ન કરનાર લાઈસન્સધારકો અને કર્મચારીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. સુરત અને ઉધના જેવા વ્યસ્ત સ્ટેશનો પર દરરોજ મોટી સંખ્યામાં મુસાફરો ખાણીપીણીના સ્ટોલ પરથી ખાદ્ય સામગ્રી લે છે. આથી આ વ્યવસ્થાની સીધી અસર સ્ટેશનની કેટરિંગ સેવાઓ પર પડશે.